કહ્યામાં નથી

ગૌરાંગકુમાર બી.મેસુરીયા

આથી અમો નીચે સહી કરનાર બળવંતભાઈ જીવણભાઈ મેસુરીયા રહે; ૮, જવાહર મહોલ્લો, નીલગીરી સર્કલ પાસે, ડીંડોલી, ઉધના, સુરતનાઓ આ જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે, બાજુમાં દર્શાવેલ ફોટાવાળો અમારો પુત્ર નામે ગૌરાંગકુમાર બળવંતભાઈ મેસુરીયા કે જે અમારી મરજી વિરૂધ્ધ પ્રિયાંશી રાહોડ નામો સાથે લગ્ન કરીને અમારૂ ઘર તા.૦૪-૦૬-૨૦૨૫ ના રોજ છોડી ચાલ્યા ગયેલ છે. અને અમારા કહ્યામાં રહેલ નથી. જેથી અમોએ તેના સાથેના તમામ સબંધોનો અંત આણી તેને અમારી સ્થાવર તથા જંગમ મીલકતમાંથી વારસદાર તરીકે બેદખલ કરેલ છે. જેથી ભવિષ્યમાં તેના સાથે કોઈએ અમારા નામે કે અમારા પરીવારના નામે કોઈપણ આર્થિક, બીન આર્થિક વ્યવહાર કરવો નહીં અને જો કોઈ તેવા કોઈ વ્યવહાર કરશે તો તેમાં અમારી કોઈ જવાબદારી રહેશે નહીં. જેની જાહેર ચંભીર નોંધ લેવી.

રવાના/ અમારી મારફતે
સહી: બળવંતભાઈ જી.મેસુરીયા
તા.૦૧-૦૮-૨૦૨૫.વડોદરા.

વિશાલ બી.બ્રહ્મભટ્ટ એડવોકેટ 95585 83833

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ, શહેર સુરતના ગામ મોજે ભાઠાના બ્લોક નંબર : ૧૩૮,૧૩૯,૧૪૦, ૧૪૧,૧૪૨,૧૪૪ તમામ બ્લોક નંબરોવાળી ખેતી સિવાયની જમીન એકત્રીકરણ કરવાથી નવો બ્લોક નંબર : ૧૩૮, જેનું ક્ષેત્રફળ : ૧૧૫૨૩૪ ચો.મી. થાય છે,જે જમીનને **ટી.પી. સ્કીમ નંબર : ૫૦ (ભાઠા), ઓ.પી. : "૮૯"**, જેનો એફ.પી.નં "૮૯/એ " વાળી જમીનમાં આયોજન કરી બાંધકામ કરવામાં આવેલ રહેઠાંણના ફલેટો યાને બિલ્ડીંગો પૈકી બિલ્ડીંગો જે **"ગ્રીન સીટી ગોલ્ડ"** નામથી આયોજન કરવામાં આવેલ છે તે બિલ્ડીગો **પૈકી "એ/૩"** ટાઈપના બિલ્ડીંગ નંબર : **"૨૬"** ના **અગીયારમાં માળે** આવેલા ફલેટો **પૈકી ફલેટ નંબર : ૧૧૦૨**, સુપર બિલ્ટઅપ એરીયામાં ક્ષેત્રફળ ૨૮૧૦ ચો.ફુટ જેનું બિલ્ટઅપ એરીયામાં ક્ષેત્રફળ ૧૬૨.૦૩ ચો.મી. સહિતની ફલેટવાળી મીલકત (૧) પાટીલ કિરનબેન વિજેન્દ્ર અને (૨) પાટીલ વિજેન્દ્ર દિલીપભાઈ ની સ્વતંત્ર મલિકી,કબજા ભોગવટા તથા સ્વપાર્જીત કમાણીની આવકમાંથી વસાવેલ હોવાનુ જણાવી હમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે જેથી સદર મીલકતમાં કોઈ પણ વ્યકિત, સંસ્થા યા બેંકનો (**આઈ.ડી.એફ.સી.ફર્સ્ટ બેંક સિવાય**) કોઈપણ જાતનો હકક, હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહીત દિન–૦૭ માં હમારા નીચે જણાવેલા સરનામે લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસૂર થયેથી સદરહું મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો યાને "વેઈવ" કર્યો છે. તેમ માની આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદરહુ મીલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહીં, જેની લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

સદરહુ જાહેર નોટીસ હમારી સુચનાથી આપવામાં આવેલ છે. સહી/-

ઓફિસ : એફ-૨ હેતા કોમ્પલેક્સ, એલ.પી.સવાણી સ્કુલ પાસે, અડાજણ સુરત. મો. ૯૯૨૫૧ ૦૭૭૦૩

Moradiya Associates
મારી મારફત **પિયુષ પી. મોડિયા** એડવોકેટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનુ કે સુરત ડિસ્ટ્રીકટ, સુરત સીટી સબ-ડિસ્ટ્રીકટ, શહેર સુરતના નાનપુરા વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં.૧, નોંધ નં. ૫૨૭/૧/અ કે જેનુ ક્ષેત્રફળ ૧૨.૯૮૮ ચો.મી., નોંધ નં. ૫૨૭/૧/બ કે જેનું ક્ષેત્રફળ ૧૯૯.૩૧.૨૦ ચો.મી. મળી કુલ ૨૦૨ ચો.મી. ક્ષેત્રફળ વાળી મિલકત પૈકી રોડ એલાઈમેન્ટમાં જતી ૧૪૩.૨૮ ચો.મી. ક્ષેત્રફળ વાળી મિલકત સિવાય બાકીની ૫૮.૭૨ ચો.મી., નોંધ નં. ૫૨૭/૨/અ કે જેનું ક્ષેત્રફળ ૩૦.૬૩ ચો.મી., નોંધ નં. ૫૨૭/૨/બ કે જેનું ક્ષેત્રફળ ૩૦૨.૯૭ ચો.મી., નોંધ નં. ૫૨૭/૩ કે જેનું ક્ષેત્રફળ ૩૪૪.૮૭ ચો.મી., નોંધ નં. ૫૨૭/૪/અ કે જેનું ક્ષેત્રફળ ૪.૭૫૩ ચો.મી., નોંધ નં. ૫૨૭/૪/બ કે જેન ક્ષેત્રફળ ૯૦.૭૯૮ ચો.મી., નોંધ નં. ૫૨૭/૫/અ કે જેનું ક્ષેત્રફળ ૪૩.૯૦૮ ચો.મી., નોંધ નં. ૫૨૭/૫/બ કે જેનું ક્ષેત્રફળ ૩૮૪.૯૩૨ ચો.મી., નોંધ નં. ૫૨૭/૬ કે જેનું ક્ષેત્રફળ ૪૭૫.૮૧૫ ચો.મી., નોંધ નં.૫૨૭/૭/અ કે જેનું ક્ષેત્રફળ ૨૦.૬૧૮ ચો.મી., તથા નોંધ નં. ૫૨૭/૮/બ કે જેનું ક્ષેત્રફળ ૩૫૦.૨૫૭ ચો.મી. મળી તમામનું કુલ્લે ક્ષેત્રફળ ૨૪૮૧.૮૨ ચો.મી.છે. તે જમીન ઉપર બાંધવામાં આવેલ તીરૂપતિ પ્લાઝા ના બી વિંગ ના ચોથા માળ પર આવેલ ઓફિસ નં. ૪૦૭ વાળી મિલકત કે જેનું સુપર બિલ્ટઅપ ક્ષેત્રફળ ૭૭૦ ચો.ફુટ યાને ૮૫.૫૫૩ ચો.વાર યાને ૭૧.૫૩૩ ચો.મી. છે યાને જેનું સુરત મહાનગરપાલીકાના રેકર્ડ મુજબ વપરાશનું કાર્પેટ ક્ષેત્રફળ સુમારે ૪૧.૮૦ ચો.મી. છે યાને જેનું બીલ્ટઅપ ક્ષેત્રફળ ૫૦.૧૬ ચો.મી. છે. તે વાળી મિલકત, તેને લાગતાં વળગતાં અંદરના તથા બહારના તમામ હકકો સહિતની તેમજ તળ જમીનના ફાળે પડતા વણ-વહેંચાયેલા હિસ્સાની ૧૪.૯૩ ચો.મી. જમીન સહિતની મીલકત સમીરભાઈ જયંતિલાલ ઠકકર એચ.યુ.એફ.ના કર્તાપુરૂષ તરીકે સમીરભાઈ જયંતિલાલ ઠકકરની પોતાની સ્વતંત્ર માલીકી અને કબજા ભાગવટાની હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી મજકુર મિલકત પરત્વે કોઈપણ વ્યકિત, સંસ્થા યા અન્ય કોઈનો કોઈપણ પ્રકારે લાગ, ભાગ, વારસાઈ હકક, હીત કે દર દાવો હોય યા મજકુર મિલકત વેચાણ રાખ્યા અંગેનું કોઈ લખાણ હોય તો તેમણે દિન-૭ માં લેખીત પુરાવા સહીત હમોને જાણ કરવી. જો તેમ કરવામાં નહી આવે તો મજકુર મિલકતમા કોઈનો હકક, હિત, દાવો નથી અગર હોય તો તે જતો કર્યો છે એમ માની હમારા અસીલ તે અંગે રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. તેમા પાછળથી કોઈની તર તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

ઓફીસ : પહેલો માળ, લક્ષ્મી વિલા, પેટ્રોલ પંપની સામે, લંબે હનુમાન રોડ, સુરત. મો. ૯૮૨૫૪ ૧૬૮૧૭.

અમારી મારફતે
અશ્વિન જે. વઘાસિયા એડવોકેટ એન્ડ નોટરી

જાહેર ચેતવણી

સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ મોજે **અલથાણ** માં આવેલ રેવન્યુ સર્વે નં.૧૨૩ પૈકી સુરત મહાનગરપાલિકાની હદમાં સમાવેશ થયેલ છે જેને ટી.પી.સ્કીમ નંબર : ૩૬ (અલથાણ) આપવામાં આવેલ છે. જે **''ગોપાલ કૃષ્ણાનગર''** સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.૯ તથા પ્લોટ નં.૧૦** કે બંને પ્લોટોનું અનુક્રમે ક્ષેત્રફળ ૫૯.૩૫ ચો.મી. યાને ૭૧.૨૫ ચો.વાર ચાલી આવેલ છે. જેમાં પ્લીન્થ સુધીનું બાંધકામ ચાલી આવેલું છે. આ બંને પ્લોટો અમારા અસીલ નામે દિગીશ નિખિલેશ વજીરના મર્હુમ પિતા નામે નિખિલેશ હરિહર વજીરનાએ **સને-૧૯૯૧** ની સાલમાં પાકા વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલા છે. અમારા અસીલના પિતા તા.૧૯/૦૭/૨૦૧૮ ના રોજ બિનવસીયતી સુરત ખાતે અવસાન પામેલા છે. મર્હુમ નિખિલેશ હરિહર વજીરના બીજા ધર્મપત્નિ નિર્મલાબેન નિખિલેશ વજીરનાએ તા.૦૭/૧૦/૨૦૧૯ નાં રોજ ખોટું પેઢીનામું બનાવી તેમાં અમારા અસીલ નિખિલેશ હરિહર વજીરના પુત્ર તરીકે બદઈરાદાસર દર્શાવેલ નથી અને મર્હુમના પોતે એકમાત્ર વારસદાર હોય તેવું પેઢીનામામાં દર્શાવેલ છે. જેથી આ પેઢીનામું તદન ખોટુ અને બોગસ છે અને સુરત મહાનગરપાલીકાના રેકર્ડમાં ખોટી રીતે નિર્મલાબેને તેમનું નામ દાખલ કરાવેલ છે. ઉપરોકત જણાવેલ સ્થાવર મિલકતો / પ્લોટોમાં અમારા અસીલને તેમના મર્હુમ પિતાના સીધીલીટીના વારસદાર તરીકે વારસાઈ હકકે માલિકી હકક પ્રાપ્ત થયેલો છે, પરંતુ અમારા અસીલની જાણમાં આવેલ છે કે, નિર્મલાબેન નિખિલેશ વજીર પોતે એકલા માલીક હોય તેવુ જણાવી ગેરકાયદેસર રીતે બંને પ્લોટોનો નિકાલ કરવાની યાને વેચાણ કરવાની તજવીજ કરી રહેલા છે. તે સંજોગોમાં જો કોઈપણ ઈસમ બંને પ્લોટો કે તે પૈકી કોઈપણ પ્લોટ ખરીદ કરશે તો તેમને પ્લોટનાં ટાઈટલ કલીયર મળશે નહી અને તેમનો અવેજ પણ જોખમાશે અને નાહકમાં કોર્ટ કાર્યવાહીમાં સંડોવાવું પડશે. વધુમાં, અમારા અસીલે નિર્મલાબેન નિખિલેશ વજીર વિરૂદ્ધ સુરતની સીવીલ કોર્ટમાં મિલકતના સંદર્ભે દાવાના પ્રકરણો પણ કરેલા છે. જેમાં સુરતની સીવીલ કોર્ટે સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડિસ્ટ્રીકટ, શહેર સુરતના મોજે રાંદેર વિસ્તારમાં આવેલ **રેવન્યુ સર્વે નં. ૨૯૨/૧** તથા **૨૯૨/૨** વાળી જમીન, જેનો **ટી.પી.સ્કીમ નં.૨૩, ફાયનલ પ્લોટ નં.૨૦** વાળી જમીનમાં આયોજીત **ગોપાલેશ્વર કો.ઓ.હા.સોસાયટી** માં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૨૧** ની ઉપર મનાઈ હુકમ પણ ફરમાવેલો છે, જેથી સદરહુ મીલકતના સંદર્ભે પણ કોઈપણ ઈસમે નિર્મલાબેન નિખિલેશ વજીર સાથે કોઈ વ્યવહાર કરવા નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારી મારફત
હેમંત જે. જરીવાલા (એડવોકેટ)
ઓ.૨૦૩, લો-ચેમ્બર, બ્રીજ માળે, કાકાજી સ્ટ્રીટ, નાનપુરા, સુરત.

અસીલની સુચનાથી
દિગીશ નિખિલેશ વજીર

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

સચીન શાખા : દુકાન નં.૬ અને ૭, સ્વસ્તીક પ્લાઝા, સુરત–નવસારી રોડ, તા.ચોર્યાસી, સચીન, જી.સુરત–૩૯૪૨૩૦ ફોન : ૦૨૬૧–૨૩૯૨૨૨૯ e-mail : sachin@bankofbaroda.com

સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, **શ્રી ધર્મેશભાઈ છગનભાઈ જાજડીયા (જામીનદાર),**
પ્લોટ નં.એ – ૩૧, વિઠલ નગર સોસાયટી, હિરા બાગ, વરાછા રોડ, સુરત, ગુજરાત– ૩૯૫૦૦૬.

સંદર્ભ: સિકયોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ શ્રી અનીલકુમાર સહદેવ ઓજા (દેવાદાર) અને શ્રી આંનદકુમાર સહદેવ ઓજા (સહ–દેવાદાર) ને નોટીસ, હવે પછી અહીં 'ધી એકટ' તરીકે ઉલ્લેખાશે,

મહેરબાનશ્રી,
વિષય : શ્રી અનીલકુમાર સહદેવ ઓજા (દેવાદાર) અને શ્રી આંનદકુમાર સહદેવ ઓજા (સહ–દેવાદાર)(લ/ન 02770600001143) દ્વારા લીધેલ કેડીટ ફેસીલીટીમાં તમારી જામીનગીરી અંગે.

૧) તમને ખબર છે તે પ્રમાણે તમે **તા.૦૨.૦૫.૨૦૧૬** ના રોજ તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **શ્રી અનીલકુમાર સહદેવ ઓજા (દેવાદાર) અને શ્રી આંનદકુમાર સહદેવ ઓજા (સહ–દેવાદાર)** ની પાસેથી **રૂા.૧૩.૩૦ લાખ** તેના ઉપરના વ્યાજ સાથે ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચે મુજબ ની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે.

૨) અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન–પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી **તા.૨૯.૦૫.૨૦૨૫** ના રોજ જામીનદારને સકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, જેમાં દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને બાકીની લોન/કેડિટ ફેસીલીટી બાકી રકમ **રૂા.૧૧,૯૩,૦૭૧ (અંકે રૂપિયા અગીયાર લાખ ત્રાણું હજાર ઈકોત્તેર પુરા)** + ચકવૃદ્ધિ વ્યાજ અને તેના અન્ય ચાર્જીસ અને અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે ટર્મ લોન એકાઉન્ટ માં પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૧૮.૦૭.૨૦૨૫** મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).

૩) અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.

૪) અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.

૫) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૧૮.૦૭.૨૦૨૫, સ્થળ : સુરત — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સચીન શાખા.**

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

ગોથાણ શાખા : તા. ઓલપાડ, ગોથાણ ૩૯૪૧૩૦ જી. સુરત, (મો.): ૯૯૮૦૦ ૨૬૭૨૫ Email : gothan@bankof baroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)[ધારા ૧૩(૪) થી સરફેસી એક્ટ, ૨૦૦૨, સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

આથી નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૮.૦૫.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો **શ્રી ભાવેશભાઈ ચંદુલાલ માકડીયા (દેવાદાર), અને શ્રીમતી કિરણબેન ભાવેશભાઈ માકડીયા (સહદેવાદાર)** નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૨૮,૯૩,૪૮૦.૯૯/– (રૂપિયા અઠ્ઠાવીસ લાખ ત્રાણું હજાર ચારસો એંસી અને નેવ્યાંસી પૈસા પુરા)** રિવર્સલ વ્યાજ વત્તા લાગુ નહી કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તિની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો સાંકેતિક કબજો **તારીખ ૩૧ મી જુલાઈ સને ૨૦૨૫ ના રોજ સંભાળી લીધેલ છે.**

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૮,૯૩,૪૮૦.૯૯/– (રૂપિયા અઠ્ઠાવીસ લાખ ત્રાણું હજાર ચારસો એંસી અને નેવ્યાંસી પૈસા પુરા)** રિવર્સલ વ્યાજ વત્તા લાગુ નહી કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત 'ગ્રીન હેવન' સ્થિત પ્લોટ નં. ૪૧,(કેજેપી પછી બ્લોક નં. ૨૨૮/બી/૪૧) માપ ૨૨૭.૯૯ ચો.મીટર બરાબર ૨૭૨.૩૨ ચો.વાર જેમાં ગ્રાઉન્ડ ફલોરના અને ૧લો માળ બાંધકામ સાથે માપ ૮૫.૩૨ ચો.મી, કુલ માપ ૩૨૮.૧૨ ચો.મીટર, જે જમીનમાં ૩૬.૫૬ ચો.મી. અને ૬૩.૮૬ ચો.મીટર માં આવેલ રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, બ્લોક નં.૨૨૮/બી (રે–સર્વે નં. ૪૧૧) માપ હેકટર આરે ૧– ૬૩ –૯૦ ચો.મીટર બરાબર ૧૬૩૯૦.૦૦ ચો.મીટર મોજે ગામ મુઠલ સબડિસ્ટ્રીકટ. તા. ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૪૨, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૪૦, **પૂર્વ તરફ** : જોડેનો સોસાયટીનો આંતરીક રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો સીઓપી આવેલ છે. ઉપરોક્ત સ્થાયી મિલકત બેંક ઓફ બરોડાની તરફેણ માં ગોથાણ શાખા, તા. ૦૪.૦૪.૨૦૨૨ ટાઈટલ ડીડ ડિપોઝીટ કરેલ તા. ૦૫.૦૫.૨૦૨૨ ના રોજ ગીરવે મીકવામાં આવેલ છે, ઓલપાડ સુરત ખાતે સબ રજીસ્ટ્રાર ઓફિસ માં નોધાયેલ નોંધણી નંબર ૫૬૬૭

CERSAI ID ;- ૪૦૦૦૬૦૯૧૯૪૫૩

તા. : ૩૧.૦૭.૨૦૨૫ સ્થળ : ગોથાણ — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સુરત.**

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ તાલુકા અડાજણ ના **મોજે ગામ : પાલ ના સર્વે નં. ૨૩૧ પૈકી તથા ૨૩૭ પૈકી, બ્લોક નં. ૨૩૩/૧, ટી. પી. સ્કીમ નં. ૧૦ (પાલ) ફાયનલ પ્લોટ નં. ૧૧૩, ક્ષેત્રફળ ૫૧૭૦ ચો.મીટર, નવો ફાયનલ પ્લોટ નં. ૧૦૫,** ક્ષેત્રફળ ૫૩૬૦ ચો.મીટર વાળી બિનખેતીની જમીન પર આવેલ ''નક્ષત્ર'' ના નામની બિલ્ડીગો પૈકી **બિલ્ડીગ નંબર : બી** માં આવેલ ફ્લેટ નંબર : ૫૦૩ વાળી મિલકત જેનું સુપર બીલ્ટઅપ એરીયા મુજબ ક્ષેત્રફળ ૧૧૬.૨૨ ચો.મીટર છે, બીલ્ટઅપ એરીયા મુજબ ક્ષેત્રફળ ૮૭.૧૭ ચો.મી. છે તે મિલકત, તથા સદરહુ બિલ્ડીગની તળની જમીનમાં વેચાણ આપેલ મિલકતના ક્ષેત્રફળનાં પ્રમાણમાં વગર-વહેંચાયેલો બિનતબદીલ બિનઅવિભાજ્ય હિસ્સાવાળી મિલકતના માલિક **સુશીલા રામેશ્વર રાઠી** રહેવાસી : એ-૨૦૨, સોનલ રેસીડન્સી, પરવત પાટીયા, સુરતનાએ પોતાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની હોવાનુ જણાવી મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. મજકુર મિલકત પર કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે સહકારી બેંકોનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, લીયન, ચાર્જ, બોજો યા ઈઝમેન્ટનો હક્ક હોય તો દિન-૭ માં દસ્તાવેજી પુરાવાઓ સાથે મને જાણ કરવી. મુદ્દત વિત્યે તેવી જાણ કરવામાં નહી આવે તો મારા અસીલ તેનો અવેજ ચુકવી કાયદેસરના પાકા લખાણો કરાવી લેશે. જેની પાછળથી કોઈની કોઈપણ તર-તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૬૦૨, વેલેન્ટીના બીઝનેશ હબ, એલ. પી. સવાણી રોડ, અડાજણ, સુરત. મો. નં. ૯૮૨૫૭ ૦૭૩૯૯

રાકેશ આઈ. રાવલ તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતની વિસ્તરેલ હદમાં આવેલ **મોજે ગામ : ઉમરાનાં** રેવન્યુ સર્વે નં. ૩૨ પૈકી સબ પ્લોટ નં. ૩ જે ટી.પી.સ્કીમ નં. ૫(ઉમરા નોર્થ) માં આવેલ છે અને ઓરીજીનલ પ્લોટ નં. ૪૧ તથા ફાયનલ પ્લોટ નં. ૪૭ પૈકીનો છે. તેમાં આવેલ "શ્રી કરૂણા સાગર સોસાયટી" થી ઓળખાતી રહેણાંક વસાહત (જે પહેલા આનંદ મંગલ સોસાયટીથી ઓળખાતી હતી) તેના પ્લોટો પૈકી પ્લોટ નં. ૮૦, જે સમગ્ર વસાહતનો પ્લોટ નં. ૪ છે. જેનું ક્ષેત્રફળ ૧૪૨.૦૦ ચો.વાર યાને ૧૧૯.૦૦ ચો.મી. છે. તે પ્લોટ વાળી મિલકત નેહાબેન ફોજાલાલ મહેતાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલ છે. તેઓએ સદર મિલકત હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, અને ટુંક સમયમાં હમારા અસીલ સદરહુ મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી ઉપરોકત મિલકતમાં અન્ય કોઈનાં કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, હિત, સંબંધ, ખાદ્યાખોરાકી યા લીયનનાં હક્કો યા ઈઝમેન્ટનાં હક્કો યા બેંક, મંડળી, સંસ્થા, રાજય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આધારભુત લેખીત પુરાવા સહીત આ નોટીસ પ્રસિધ્ધિથી દિન-૫ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદ્દતમાં તેવા કોઈ હક્ક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હક્ક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવુ માની હમારા અસીલ સદરહુ મીલકતનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

સરનામું : ૩૩/૨, મથુરા જલદર્શન સોસાયટી, ઉમરીગર સ્કુલ પાસે, ઉમરા, સુરત. મો. ૯૯૨૫૪ ૩૪૪૬૬

મહેક નરેન્દ્રકુમાર ગાંધી એડવોકટ તથા નોટરી

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી સબ-ડીસ્ટ્રીકટના શહેર સુરતનાં હરીપુરા **સોંચશેરી નં.૧** માં આવેલ સીટી સર્વે **વોર્ડ નં.૫, નોંધ નં. ૧૨૯૫/અ** થી નોંધાયેલ જમીન, જેનું **ક્ષેત્રફળ ૭૭.૭૬ ચો.મી. પૈકી દક્ષિણ દિશા તરફની ૫૫.૧૮૪૫ ચો.મી.**, જેના ઉપર **ભોંયતળિયું, પહેલો માળ તથા બીજા માળના બાંધકામ** સહિતની મિલકતનાં માલિક **મિતુલ હિતેન્દ્રભાઈ મોદી** હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. સદરહું મિલકત અંગેનાં નીચે જણાવેલ વિગતનાં પેપર્સ ગુમ થયેલ છે. જેથી સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે તેમજ કોઈપણ નાણાંકીય ધિરાણ આપનારી ખાનગી કે સરકારી સંસ્થામાં જમા હોય તો તે અંગેની જાણ હમોના વકીલશ્રીને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવા સહિત કરવી. મુદત વિત્યેથી સદરહું પેપર્સ ગુમ થયેલ છે અને કોઈ વ્યકિત કે સંસ્થાનો